
જન્મશતાબ્દી પુસ્તકમાળા

# ધર્મતંત્રનો પરિષ્કાર અત્યંત અનિવાર્ય





ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

## ધર્મતંત્રનો પરિષ્કાર અત્યંત અનિવાર્ય

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

### બે જ મૂલ્ય તંત્ર

દેવીઓ, ભાઈઓ ! વ્યક્તિ અને સમાજ પર નિયંત્રણ કરનારી બે શક્તિઓ મુખ્ય છે. એક શક્તિનું નામ છે ધર્મતંત્ર અને બીજી શક્તિનું નામ છે રાજતંત્ર. રાજતંત્ર મનુષ્ય પર નિયંત્રણ કરે છે અને ધર્મતંત્ર મનુષ્યની અંદરની શ્રેષ્ઠતા અને રચનાત્મક પ્રર્વત્તિઓને ઉન્નત તથા વિકસ્તિ કરે છે. એકનું કામ સંસારમાં અને વ્યક્તિમાં મહાનતાને શ્રેષ્ઠતાને વધારવાનુંછે અને બીજાનું કામ મનુષ્યની અનિચ્છનીય પ્રવૃત્તિઓ પર નિયંત્રણ રાખવાનું છે. ભૌતિકક્ષેત્ર રાજનીતિનું છે અને આત્મિકક્ષેત્ર ધર્મનું છે. બંને એક ગાડીનાં પૈડાંની જેમ એકબીજાનાં પૂરક છે. બંનેનો એકબીજા સાથે ગાઢ સંબંધ છે. રાજનીતિ જો બરાબર હોય, રાજસત્તા જો બરાબર હોય તો મનુષ્યોની ધાર્મિકતા, વિચારણા, આધ્યાત્મિકતા અને શ્રેષ્ઠતા અખંડ રહેશે અને જો મનુષ્યની ધર્મબુદ્ધિ બરાબર હોય તો રાજનીતિ પર એનું પરિણામ આવ્યા વિના રહેશે નહિ.

### બંને એકબીજાનાં પૂરક

મિત્રો ! સારી વ્યક્તિ, ધાર્મિક વ્યક્તિ સારી સરકાર બનાવી શકવામાં સમર્થ છે અને સારી સરકારમાં જો સારા માણસો હોય, તો સાધનો અને સામગ્રી સ્વલ્પ હોવા છતાં પણ સમાજનું હિત સાધી શકે છે. ધર્મના રસ્તે જે અવરોધો આવે કે જે મુશ્કેલીઓ આવે એમને દૂર કરવાનું કામ રાજસત્તાનું છે અને રાજસત્તામાં જો વિકૃતિઓ પેદા થાય તો એને નિયંત્રિત કરવાનું કામ ધર્મસત્તાનું છે. વાસ્તવમાં બંને એકબીજાના પૂરક છે. બંને સમર્થ છે. બંનેનું ક્ષેત્ર વ્યાપક છે અને બંનેનું સામર્થ્ય લગભગ એકસરખું છે. આપણા દેશમાં ધર્મસત્તા રાજસત્તાથી ઘણી આગળ હતી.

એ સમયે નબળી પરિસ્થતિઓમાં જયારે વિકૃતિઓ ચારે બાજુ ફેલાઈ ગઈ હતી ત્યારે પણ ધર્મસત્તાનું મહત્વપૂર્ણ સ્થાન હતું.

આપણે જોઈએ છીએ કે એટલી બધી જનશક્તિ, ધનશક્તિ, ભાવનાશક્તિ, વિવેકશક્તિ આ ધર્મક્ષેત્રમાં લાગેલી છે કે જો આ શક્તિઓને યોગ્ય દિશામાંવાળવામાં આવી હોત અને તેમનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવ્યો હતો, તો જે કામ રાજસત્તા દેશમાં કરી શકે છે તેના કરતાં સોગણું વધારે કામ ધર્મસત્તાએ કરી બતાવ્યું હોત, કારણ કે આપણા દેશમાં ધર્મસત્તાનું સ્થાન બહુ ઉંચુ અને મહત્વપૂર્ણ છે. આપણે ત્યાં વિશ્વનાં બધાં ક્ષેત્રો કરતાં ધાર્મિક પ્રક્રિયાઓ તરફ વધારે ધ્યાન આપવામાં આવે છે. આપણે ત્યાં સંત મહાત્માઓને જલઈને, સાધુ-બ્રાહ્મણોને જ લઈએ તો એવડો મોટો વર્ગ આ દેશમાં છે કે જે ધર્મને આધારે જ આજીવિકા મેળવે છે.  પોતાના મનમાં એવું સમજે છે કે આતપણે ધર્મ માટે જ જીવીએ છીએ. ફકત પોતે જ સમતા નથી,પરંતુ સમાજમાં જાહેર પણ કરે છે કે અમે ફકત સમાજના જ નથી, પરંતુ ધર્મ માટે પણ છીએ. જો આ લોકોની પ્રવૃત્તિઓ સાચી અને સારી હોત અને એમની વિચારવાની શૈલી સાચી હોત તો એમના ધ્વારા એટલું વિશાળ કામ ફકત દેશમાં જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વમાં થઈ શકયું હોત કે દુનિયાની સૂરત જ બદલાઈ ગઈ હોત.

ભગવાન બુદ્ધના ફકત અઢી લાખ શિખ્યો હતા. એ અઢી લાખ શિષ્યોને ભગવાન બુધ્ધે આજ્ઞા આપી કે તમારે આખી દુનિયામાં અને આખા એશિયામાં લોકોને ધર્મની સાચી ઓળખ કરાવવી જોઈએ. અત્યારના સમયમાં જે અનૈતિક અને અનિચ્છનીય વાતાવરણ પેદા થયું છે એને સુધારવું જોઈએ. ભગવાન બુદ્ધની ઈચ્છા અનુસાર ગૃહત્યાગી, ધર્મ પર નિષ્ઠા રાખનારા અઢી લાખ સાધુઓ નીકળી પડયા અને સમગ્ર એશિયામાં છવાઈ ગયા, સમગ્ર યુરોપમાં છવાઈ ગયા, સમગ્ર દુનિયામાં છવાઈ ગયા. એમણે બૌદ્ધ ધર્મનો પ્રચાર, બૌદ્ધ સંસ્કૃતિ અને બૌદ્ધ ભાવનાઓનો પ્રચાર સમગ્ર વિશ્વમાં કર્યો.

## વિરાટ સંખ્યા અને વધેલાં સાધનો

મિત્રો ! આજે આપણાં સાધનો ઘણાં ઉત્તમ અને વિપુલ પ્રમાણમાં છે. આપણા ભારત દેશમાં સરકારી વસતિ ગણતરી મુજબ છપ્પન લાખ માણસો એવા છે, જેઓ કહે છે કે અમારી આજીવિકા ફકત ધર્મ ઉપર જ ચાલે છે. ધર્મ જ અમારો વ્યવસાય છે, રોટલો મેળવવાનું સાધન છે. ઘણા લોકો એવા ણ છે, જેમની આજીવિકાનું સાધન ધર્મ નથી. જેઓ ફકત પોતાના મનના સંતોષ ખાતર સામાન્ય કર્તવ્ય સમજીને પૂજા પાઠ અથવા ધાર્મિક કાર્યો કરે છે. ધર્મના માધ્યમથી આજીવિકા મેળવનારાઓમાં સાધુ, મહાત્મા, પંડિત, પૂજારી વગેરે આવે છે. એમની સંખ્યા છપ્પન લાખ જેટલી છે.

આ સંખ્યા સરકારી કર્મચારીઓની સંખ્યા કરતાં પણ વધારે છે. સરકારી અને અર્ધસરકારી બંને મળીને ભારતમાં લગભગ ચાલીસ લાખ કર્મચારીઓ છે, પરંતુ ધર્મસત્તા કપાસે છપ્પન લાખ કર્મચારીઓ છે. આ વસતિ એટલી મોટી છે કે જો તેને કોઈક રચનાત્મક કાર્યમાં જોડી દેવામાં આવે તો સરકાર ધ્વારા જેટલાં પણ રચનાત્મક અને નિયંત્રણાત્મક કાર્યો થાય છે, એ બધા કરતાં ધર્મનું કામ કરનારા વધારે કામ કરી શકે છે, કેમ કે સરકારમાં ફકત પગાર આધારિત માણસો હોય છે, સમય આધારિત કામ કરનારા હોય છે. જો થોડો સમય વધારે કામ થઈ જાય તો તેઓ ઓવર ટાઈમ માગે છે. એમને પેન્શન આપવાની જરૂર પડે છે અને એ સિવાય બીજો પણ ઘણો ખર્ચ કરવો પડે છે. એટલા માટે એવા કર્મચારીઓ બહુ મોંઘા કપડે છે. એમના જીવનનો ઉદ્દેશ્ય સેવા નથી હોતો, મોટા ભાગના લોકોની ઈચ્છા તથા ઉદ્દેશ્ય નોકરી કરવાનો અને પેટ ભરવાનો હોય છે.

પરંતુ મિત્રો ! ધર્મના માટે જેમણે આજીવિકાનો સ્વીકાર કર્યો છે એમની સામે કોઈ લક્ષ્ય તો હોવું કજોઈએ. એમની પાસે તો સમય પણ વધારે હોઈ શકે છે. આઠ કલાક જ કામ કરશું, એ શું વાત થઈ ? સંત મહાત્માએ છ કલાક સૂઈ લીધું, ભિક્ષાથી રોટલો મળી ગયો, તૈયાર રોટલો મળી ગયો, બે કલાક નિત્યકર્મમાં ગયા, આઠ કલાક થઈ ગયા.

આ આઠ કલાક બાદ સોળ કલાક એમની પાસે વધે છે. જો તેઓ આ સમગ્ર સમયને ધર્મકાર્યોમાં ખર્ચે તો એનાથી એક વ્યક્તિ બે વ્યક્તિ જેટલું કામ કરી શકે છે. એમનામાં ભાવનાઓ હોય છે, નિષ્ઠાઓ હોય છે. ધર્મ પર વિશ્વાસ હોય છે અને બીજી અનેક બાબતો હોય છે. આ છપ્પન લાખ વ્યક્તિઓ વાસ્તવમાં એટલી મોટી સંખ્યા છે કે જો ધારે તો બુદ્ધ ભગવાનના અઢી લાખ શિષ્યોની સરખામણીમાં દુનિયાભરમાં ઉથલપાથલ પચાવી શકે છે.

## એક લાખ વ્યક્તિઓએ ફેલાવ્યો ૩/૪ દુનિયામાં ધર્મ

ખ્રિસ્તી મિશનરી પાસે લગભગ એક લાખ પાદરીઓ છે અને એ પાદરીઓ આખી દુનિયામાં છવાયેલા છે. ઉત્તર ધ્રુવથી માંડીને ભારતનાં નાગાલેન્ડ અને બસ્તર સુધી, જંગલો અને આદિવાસીઓની વચ્ચે કામ કરે છે. એમને એવો વિશ્વાસ છે કે ઈસુખ્રિસ્તનો સંદેશ ઘરેઘરે પહોંચાડવો જોઈએ. આ વિશ્વાસના આધારે પોતાની સુવિધાઓને ધ્યાનમાં લીધા વિના પાદરી લોકો સમગ્ર વિશ્વમાં કામ કરે છે. પરિણામ શું આવ્યું ? ફકત ખ્રિસ્તી ધર્મને, ભગવાન ઈસુના જન્મને ફકત ૧૯૧૭ વર્ષ થયાં છે. ૩૦૦ વર્ષ સુધી તો એમનાં કાર્યો અજ્ઞાત રહ્યાં. સેંટ પોલે ઈસુનાં લગભગ ૩૦૦ વર્ષો પછી ખ્રિસ્તી ધર્મની ખોજ કરી અને ઈસુની ખોજ કરી, એમનું જીવનચરિત્ર શોધ્યું, એમના ઉપદેશોને સંકલિત કર્યો, ત્રણસો વર્ષ તો એમ જ નીકળી ગયાં. આથી ફકત ૧૬૦૦ વર્ષ થયાં છે, પરંતુ આજે એક લાખ વ્યક્તિઓ છે. આની પહેલાં તો એક લાખ પણ નહોતા. આ થોડી નિષ્ઠાવાન તથા ધાર્મિક વ્યક્તિઓએ ખ્રિસ્તી ધર્મનો એટલો પ્રચાર કર્યો કે દુનિયામાં ૧/૩ વ્યક્તિઓ એટલે કે એક અબજ  મનુષ્યો આજે ખ્રિસ્તી છે. આખી દુનિયાની વસતિ ત્રણ અબજનીછે. મુસલમાનોની વાત જુદી હતી. તેમણે તો તલવારના જોરે પોતાનો ધર્મ ફેલાવ્યો, પરંતુ ખ્રિસ્તીઓએ તો જુલમ પણ નથી કર્યો. કમસે કમ શરૂઆતમાં તો તલવારથી ધર્મ નથી ફેલાવ્યો. આમ છતાં પણ આટલા ઓછા સમયમાં સમગ્ર વિશ્વમાં આટલી મોટી સંખ્યા થઈ ગઈ એનું કારણું શું છે ? કારણ ફકત એ એક લાખ મનુષ્યોનો શ્રમ, એમની ભાવનાઓ અને પ્રયત્ન છે, જેના કારણે એમણે ઈસુને, બાઈમલના જ્ઞાનને દુનિયામાં ફેલાવ્યું.

મિત્રો ! જો ધર્મની શક્તિમાં લાગેલા લોકો એવી ભાવનાઓને સાથે લઈને આગળ વધ્યા હોત કે આપણે ઋષિઓનો, સભ્યતા અને સંસ્કૃતિનો, ભગવાનનો સંદેશ જનમાનસમાં સ્થાપિત કરવાનોછે, એનાથી લોકમાનસને પ્રભાવિત કરવાનું છે. દરેક વ્યક્તિને ધભાર્મિક બનાવવી છે અને એક એવો સમાજ બનાવવો છે કે જેમાં ધર્મપ્રેમી લોકો રહેતા હોય,. મર્યાદાઓનું પાલન કરનાર, એકબીજાને પ્રેમ કરનાર અને બૂરાઈઓ તથા અનીતિથી દૂર રહેનાર વ્યક્તિઓ જન્મ લે, તો વિચારો કે એનું પરિણામ કેટલું મોટું આવ્યું હોત ? જેના મનમાં ભગવાનની, દેશ અને ધર્મની લગની લાગી હોય અતેવો એક જ માણસ કેટલું મોટું કામ કરી શકે ? આપણે ભૂતકાળમાં ગાંધીજીને જોયા હતા. તેઓ એકલા જ હતા છતાં પણ સમગ્ર ભારત દેશને જાગૃત કરી દીધો. આપણે ભૂતકાળમાં ભગવાન બુદ્ધને જોયા હતા. તેઓ એક જ મહાત્મા હતા, છતાં સમગ્ર વિશ્વને જાગૃત કરી દીધું. ભૂતકાળમાં સ્વામી રામતીર્થ તથા વિવેકાનંદ પણ એક જ હતા, એક જ યોગી હતા, છતાં એમણે વેદાંતનો સંદેશ ભારતથી લઈને દેશપરદેશ સુધી પહોંચાડયો.

## શિક્ષણ નહિ, ભાવના મુખ્ય

તમે કહેશો કે તે લોકો તો ભણેલા ગણેલા અને સુશિક્ષિત મહાત્માઓ હતા અને આ છપ્પન લાખ તો સુશિક્ષિત નથી. શિક્ષણ અને ધર્મને કોઈ ખાસ સંબંધ નથી. શિક્ષિત વ્યક્તિ પણ અશિક્ષિત જેટલું જ કામ કરી શકે છે અને અશિક્ષિત ધર્મપ્રેમી પણ શિક્ષિત જેટલું જ કામ કરી શકે છે. સંત રૈદાસ અભણ હતા અને કબીરનું શિક્ષણ પણ નામમાત્ર હતું. મીરા કયાં વધારે ભણેલી ગણેલી હતી. નામદેવનું શિક્ષણ કયાં વધારે હતું ? ભક્તિકાળમાં થયેલા સંત દાદુથી માંડીને અન્ય મહાત્માઓને શિક્ષણની દૃષ્ટિએ જોઈએ તો એમની યોગ્યતા, તએમની વિદ્યા અનેશિક્ષણ બહુ જ ઓછાં હતાં, પરંતુ એ લોકોએ પોતપોતાનાસમયમાં કેટલાં મહત્વપૂર્ણ કાર્યો કર્યા તે તમે સૌ જાણો છો. સમાજને સંરક્ષિત અને શિક્ષીત કરવા માટે ભાવાઓની જરૂર છે, ભપ્રભાવની જરૂર છ, લગન અને પરિશ્રમની જરૂર છે. શિક્ષણની એટલી જરૂર નથી.

ભારતમાં સાત લાખ ગાડાં છે. જો છપ્પન લાખ સંતમહાત્મા આ દેશમાં કામ કરવા માટે કટિબદ્ધ થયા હોત તો એવું કામ કરી બતાવ્યું હોત કે આપણે કે આઠ મહાત્મા એક ગામમાં હોય એમાંથી અમુક તો ભણેલા હશે જ. કદાચ જો એક પણ ભણેલગણેલ ન હોય, તો પણ પોતાના શારીરિક શ્રમથી આખા ગામની સ્વચ્છતા જાળવી શકે છે. જો એક મહાત્મા સાવરણો લઈને નીકળી પડે, તો બીજા જોયા કરે એવું તો ન જ બને.ગામના લોકો પણ શ્રમદાન માટે આગળ આવે, તોગામની શેરીઓમાં બધી જગ્યાએ ગંદકી અને કચરો દેખાય છે ત્યાંસ્વચ્છતા દેખાશે. એક મહાત્મા મૂતરડી બનાવવા માટે પાવડો લઈને ઊભા થઈ જાય તો ગામવાળાને શરમ નહિ આવે ?

જરૂર આવશે કે આપણે આપણા ગામમાં જયાં ત્યાં ગંદકી કરીએ છીએ. એના માટે આપણે એક ખૂણામાં નાનકડી મૂતરડી અને એક સંડાસ બનાવી લેવું જોઈએ. જાપાને પોતાના દેશની અનાજની સમસ્યા આ રીતે દૂર કરી લીધી છે. ત્યાં ફર્ટિલાઈઝર અને બીજા પ્રકારનાં કારખાનાં નથી. મનુષ્યનાં મળમૂત્રનો જ ઉપયોગ કરવામાં આવે છે અને એનાથી કરોડો રૂપિયાનું ખાતર ઉત્પન્ન કરી લેવામાં આવે છે. આપણાંગામડાઓમાં મળમૂત્રનો કોઈ ઉપયોગ નથી થતો. ગામની આજુબાજુમાં જ લોકો મળ ત્યાગ કરીને ગંદકી ફલાવે છે. જો દરેક ગામમાં ફરતાં સંડાસ કે ગટરવાળા સંડાસ બનાવવામાં આવ્યા હોત તો ગામનાં માણસો શૌચક્રિયા કરવા માટેત્યાં જ જાત અને તેમાંથી કેટલું બધું ખાતર મળી શકત ! જો મહાત્મા ધારે તો આ નાનકડા કામને પોતાના હાથમાં લઈને કરોડો મણ અનાજ પેદા કરવાનું અને ગામને સ્વચ્છ રાખવાનું કામ કરી  શકે...

## આઠ મહાત્માઓ દરેક ગામમાં જોડાઈ જાય તો

મિત્રો ! શિક્ષણને જ લઈએ. આઠ વ્યકિતઓમાં થી એક પણ ભણેલી ગણેલી હોય તો ગામમાં  સ્કૂલ ચલાવી શકે છે. પ્રૌઢશાળાઓ રાત્રિશાળાઓ ચલાવી શકે છે, જેનાથી આપણો આજનો અર્ધનિરક્ષર દેશ થોડા દિવસોમાં જ સાક્ષર બની શકે. કેટલી બધી સામાજિક બદીઓ અને વ્યસનો આપણા દેશમાં ફેલાયેલા છે. લગ્નોમાં થતો ખર્ચ ભારતના માથે કલંકરૂપ છે.

ધનનો કેટલો બધો દુરુપયોગ થાય છે ! લોકોને ગરીબીમાં જીવવા અને બેઈમાન બનવા માટે મજબૂર કરે છે. એનાથી સમગ્ર રાષ્ટ્રનાં મૂળ કમજોર થઈ ગયાં છે. જો લગ્નોમાં એટલું ધન ખર્ચવામાં ન આવ્યું હોત, તો કોઈને પોતાના છોકરા અને છોકરીઓ ભારે ન  પડત. કોઈ પિતાને પોતાનાં બાળકો માટે ચિંતા કરવાની જરૂર પડત. આ બૂરાઈઓને દૂર કરવા માટે આઠ સંતમહાત્મા પ્રાર્થના તથા પ્રચાર દ્વારા પણ જનમાનસ તૈયાર કરી શકે છે. કોઈ એવી જિદ્દી વ્યકિત હોય, જે દુરાગ્રહ કરે તો તેને સત્યાગ્રહથી માંડીને ઘેરો ઘાલવા અને ઉપવાસથી માંડીને બીજાં કામ કરવા સુધીની ધમકી આપી શકાઈ હોત. એમને બળપૂર્વક રોકી શકાયા હોત. સરકાર જે કામને નથી રોકી શકતી એ કામને આ લોકો અટકાવી શકયા હોત.

નશો કેટલી ઝડપથી વધો જાય છે તે તમે જોઈ શકો છો ને ? બીડી તથા તમાકુ આજે ઘર ઘરનો શોખ બની ગયો છે. એમાં દરરોજના બે કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે. જો આ વ્યસનને રોકવામાં આવે તો કરોડો રૂપિયા રાષ્ટ્રીય બચત થઈ શકે છે. આ બચત એટલી મોટી છે કે જેના લીધે આખા દેશમાં ઉચ્ચ કક્ષાના શિક્ષણની વ્યવસ્થા આસાનીથી કરી શકાય. જો આપણે નશાને રોકયો હોત અને નશાની જગ્યાએ આવશ્યક વસ્તુઓ ઉત્પન્ન કરી હોત, એ પૈસો રચનાત્મક કામોમાં ખર્ચ્યો હોત, તો મજા આવી જાત અને પૈસાના અભાવે અટકી ગયેલા શિક્ષણથી માંડીને સ્વાસ્થ્ય સુધીનાં બધાં જ કામો કેવાં વ્યવસ્થિત બની ગયાં હોત ! આપણી ધર્મબુદ્ધિ કોણ જાણે કેવી છે ? બધા વિચારશીલ લોકોને અને બહારના લોકોને પણ આપણી ધર્મ બુદ્ધિ પર હસવું આવે છે.

## આ અધ્યાત્મ નથી

મિત્રો ! ભગવાનની પ્રાર્થના કરીએ, પૂજા કરીએ એ વાત સમજાય છે, પરંતુ લાકડી લઈને ભગવાનની પાછળ જ પડી જઈએ અને કહીએ કે તમને અમે ખાવા પણ નહિ દઈએ અને અમે પણ ખાઈશું નહિ.  કઈ કરીએ નહિ અને કરવા દઈએ નહિ, તો ભગવાન પણ કહેશે કે સારા શિષ્યો સાથે પનારો પડયો છે !

તેઓ ખાતા પણ નથી અને ખાવા દેતા પણ નથી, ઊઠતા પણ નથી અને ઊઠવા દેતા પણ નથી, ચાલતા પણ નથી અને ચાલવા દેતા પણ નથી, કંઈ કરતા પણ નથી અને કરવા દેતા પણ નથી, ભગવાન ખૂબ જ હેરાન થઈ જાત કે આ લોકોથી કેવી રીતે પીછો છોડાવવો ? લોકોની એવી માન્યતા છે ભગવાનનું વધારે નામ લો, એના ઉપર વધારે પાણી ચઢાવો, એમને વધારે નમસ્કાર કરો, તો ભગવાન મજબૂર થઈને મનોકામના પૂર્ણ કરી દેશે. મિત્રો , ભગવાનનું નામ લેવું એ સાબુ લગાડવા જેવું છે. થોડીવાર સાબુ લગાવી શકાય છે, પરંતુ એના પછી ભગવાનનું નામ લેવામાં આવે તો એના પ્રમાણમાં ભગવાનનું કામ પણ કરવું પડે, ત્યારે વાત પૂરી થાય છે. એ વાત જો લોકોને સમજાઈ ગઈ હોત તો આ છપ્પન લાખ લોકો રાષ્ટ્રનું નિર્માણ અને દેશની સામાજિક, નૈતિક અને બીજી સમસ્યાઓનું સમાધાન કરવા માટે મંડી પડત. આ સંખ્યા કેટલી મોટી છે ? જેટલા માણસો સરકારનું તંત્ર ચલાવે છે, એટલું જ મોટું તંત્ર ધર્મતંત્ર દ્વારા ચલાવી શકાત.

મિત્રો ! ધનને જ લઈએ, તો સરકાર જેટલું મહેસૂલ વસૂલ કરે છે, કર વસૂલ કરે છે, એનાથી વધારે ધન જનતા આપણાં ધર્મકાર્યો માટે ખર્ચે છે. મંદિરોમાં કેટલી સંપત્તિ વપરાઈ છે. સરકારની તિજોરીમાં કુલ જેટલા રૂપિયા છે અને રિઝર્વ બૅન્ક પાસે જેટલા રૂપિયા છે, લગભગ એટલાં જ રૂપિયા મંદિરો, મઠોની પાસે બિલ્ડીંગરૂપે, રોકડરૂપે, મિલકતોરૂપે અત્યારેય છે. ધર્મતંત્રની સંપત્તિ એક પ્રકારની રિઝર્વ બેંક છે. જો ધર્મતંત્રની સંપત્તિ ભોગ પ્રસાદ, મીઠાઈઓ વહેંચવા, પૂજારીનું જીવન ચલાવવા માટે, શંખ તથા ઘંટ વગાડવા અને કર્મકાંડ કરવા કરતાં જનમાનસને ઉપર લાવવા માટે ખર્ચવામાં આવી હોત તો મજા આવી જાત. હું મથુરામાં જયાં રહું છું ત્યાંના બે મંદિરોની વાત કહું છું. બધાની વાત તો હું નથી કરતો, ત્યાંના બે ભગવાન મહિને બે લાખ રૂપિયાનો ભોગ ખાઈ જાય છે.

## શું ભગવાન આવું બધું ઇચ્છે છે ?

આવા લગભગ પાંચ હજાર મંદિરો છે. એમાં ઓછામાં ઓછું ગણવામાં આવે તો હું માનું છું કે મથુરા વૃંદાવન બે જગ્યાના ભગવાનનો ખાવા પીવાનો ખર્ચ રોજનો પંદર

લાખ રૂપિયા ઓ છે, જે કોઈ આશ્ચર્યની વાત નથી. રોજના પંદર લાખ લેખે મહિનાના કેટલા કરોડ અને વર્ષના કેટલા અબજ થાય તેનો જરા હિસાબ તો કરો ? આ બધી જ સંપતિ ભગવાનને ભોગ ધરાવવાના બદલે એવા કામોમાં વાપરવી જોઈએ કે જે વ્યકિતની અંદર કંઈક ચેતના ઉત્પન્ન કરવામાં અને એની મનઃસ્થિતિને ઉપર ઉઠાવવામાં સમર્થ હોય. જેમ કે લોકોમાં ધર્મપ્રચાર-પ્રસારની વ્યવસ્થા કરવી, જેવી રીતે પાદરીઓ કામ કરે છે. ખ્રિસ્તી મિશનના લોકો બાઈબલ અને બીજાં પુસ્તકોને દુનિયાની છસ્સો ભાષાઓમાં છાપે છે અને ઘરે ઘરે એક એક પૈસાની કિંમતે પહોંચાડે છે. જેમ કે શિક્ષણની વ્યવસ્થા, એવા વિશ્વવિદ્યાલય અને વિદ્યાલયો સ્થાપિત કરવામાં પૈસાનો ખર્ચ કરવામાં આવ્યો હોત, જયાંથી સમાજનું નવનિર્માણ કરનારા માણસોનું ઘડતર કરી શકાય, એમના શિક્ષણનો સંપૂર્ણ પ્રબંધ કરી શકાય તો કેટલું કામ આવત ? મિત્રો, પંદર લાખ રૂપિયા તો ફકત આપણા મથુરામાં ખર્ચાય છે. આખા હિંદુસ્તાનનો જો હિસાબ કરવામાં આવે તો આ કરોડો-અબજો રૂપિયા રોજના હિસાબે થશે. જો ધર્મતંત્રની સાચી દિશા આપવાનું શકય હોત તો ફકત હિંદુસ્તાન જ નહિ, પરંતુ સમગ્ર દુનિયામાં પરિવર્તન કરી શકાયું હોત. ધર્મતંત્રને સાચી દિશા ન મળી શકી, ધર્મનો ઉદ્દેશ્ય લોકમંગળને માનવામાં ન આવ્યો, ફકત કર્મકાંડ જ લોકોને બતાવ્યું. તેનું પરિણામ રચનાત્મક ન આવ્યું અને વ્યકિત તથા સમાજની કોઈ સેવા ન થઈ શકી.

## ધર્મના નામે વધારે પડતો ખર્ચ

હિન્દુસ્તાનમાં સોમવતી અમાસના દિવસે ગંગાસ્નાન ખૂબ મહત્વ છે. કલ્પના કરો કે હરિદ્વારથી લઈને ગંગાસાગર સુધી સ્નાન કરનારાઓની સંખ્યા દરેક સોમવતી અમાસના દિવસે ઓછામાં ઓછી પચાસ લાખ થઈ જાય છે. અનેક માણસનું જવા-આવવાનું, મહેનતનું, ખાવાપીવાનું, દાનદક્ષિણા વગેરેનું ખર્ચ વીસ રૂપિયા આવતું હોય તો એને પચાસ લાખથી ગુણવામાં આવે તો દરેક સોમવતી અમાસનું ખર્ચ દસ કરોડ રૂપિયા થાય છે. વર્ષમાં ઓછામાં ઓછી ચાર અને વધારેમાં વધારે પાંચ સોમવતી અમાસ આવે છે. એનું ખર્ચ ગણવામાં આવે તો પચાસ કરોડ રૂપિયા થાય છે. જો દર વર્ષે આ પચાસ કરોડ રૂપિયા ખર્ચ કરનારાઓને પ્રાર્થના કરવામાં આવી હોત કે તમે દર વર્ષે સ્નાન કરવા કરતાં ગંગાનો ઉપયોગ,

ગંગાની મહત્તા સમાજમાં જાળવી રાખવા માટે વિવેકપૂર્વક વિચાર કરો.

મિત્રો, જે શહેરોની ગંદી ગટરો ગંગામાં વહેવડાવવામાં આવે છે તેનાથી ત્યાંનું પાણી અપવિત્ર થઈ જાય છે. સ્નાન કરનાર એ જ ગટરનું દુષિત પાણી ભળેલું ગંગાજળ પીવે છે અને એને જ નમન કરીએ ચાલ્યો જાય છે. તે ગંદું પાણી ગંગામાં નાંખવા કરતાં ગટરો દ્વારા શહેરની બહાર કાઢવામાં આવ્યું હોત અને ખેતરોમાં, બગીચાઓમાં નાંખવામાં આવ્યું હોત તો કેટલાય એકર ભૂમિમાં સિંચાઈ થઈ શકી હોત. તેનાથી આપણા રાષ્ટ્રની અનાજની સમસ્યા પૂરી થઈ શકી હોત. ગંગામાં, યમુનામાં અને બીજી નદીઓમાં જે ગંદકી પેદા થાય છે, એનું પાણી ખરાબ થાય છે, જે સ્નાન કરવા માટે અને પીવા માટે પણ લાયક નથી રહેતું અને તે બીમારીઓ વધારે છે. જો આ ગંદા પાણીનો સદુપયોગ કરવામાં અને નદીઓને સ્વચ્છ રાખવામાં એ પચાસ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હોત તો કેટલું સારું થાત.

## ધર્મભાવના નહિ, ધર્મભીરુતા

પરંતુ શું કહેવું ? અને હું ધર્મભીરુતા કહું છું, ધર્મભાવના નથી કહેતો. આપણા દેશમાં ફક્ત ધર્મભીરુતા છે, ધર્મભાવના નથી. ધર્મભીરુતા અને ધર્મભાવનામાં આભ જમીનનો ફરક છે. ગામેગામે રામની લીલાઓ અને કૃષ્ણની લાલાઓ થાય છે. એક એક લીલામાં વીસ ત્રીસ હજારનો ખર્ચ થઈ જાય છે. ફક્ત મનોરંજન માટે તમાશો થાય છે. લોકો તાળીઓ પાડે છે, મેળો તથા તમાશો જુએ છે અને ચાલ્યા જાય છે. મિત્રો, જે અનિચ્છનીય અને નકામાં પ્રસંગોમાં એ ધન ખર્ચાય છે, જેને માણસો પુણ્ય સમજે છે એના દ્વારા આપણે એક ક્રમબદ્ધ અભિનયમંચ બનાવ્યો હોત, એવી નાટક કંપનીઓ બનાવી હોત, જે ગામે ગામ જઈને ભગવાન રામ અને શ્રીકૃષ્ણ ભગવાનના જીવનના ઉદ્દેશ્યનું શિક્ષણ આપવામાં સમર્થ હોય. એનાં નાટકો અને કાવ્યોએ જનતાનાં મન-મસ્તિષ્કને અને જનતાની દિશાઓને બદલી નાખી હોત. તેનાથી એમનામાં નૈતિક, સાંસ્કૃતિક અને સામાજિક ચેતના ઉત્પન્ન કરી શકાઈ હોત, પરંતુ આપણે જોઈએ છીએ કે તમાશાના, હાંસીના, મજાકના રૂપમાં ભગવાનને એક રમકડું બનાવી દેવામાં આવ્યા છે.

ભગવાનનું સન્માન કરવાની વાત કોણ જાણે કયાં ચાલી જાય છે ?

મિત્રો ! થોડા દિવસો પહેલાં પંજાબમાં ગુરુનાનક ઉપર એક ફિલ્મ બનાવવાની હતી, તો પંજાબીઓએ સખત વિરોધ કર્યો કે ગુરુનાનક ભગવાનને ફિલ્મના રૂપમાં દેખાડી ન શકાય. એની નકલ કરવા મો કોઈ ખોટો માણસ ઊભો ન કરી શકાય. નાનકની મહાનતા અને શ્રદ્ધા અમારા મનમાં છે. એને અમે તુચ્છ અને દુર્બળ માણસ માટે નષ્ટ ન કરી શકીએ. કોઈ પણ નાનકનું પાત્ર ભજવવા માટે તૈયાર ન થયું. મિત્રો , ભગવાનનું પાત્ર ભજવવા માટે એવા છોકરાઓ ઊભા રહી જાય કે જેનામાં ન તો કોઈ વિવેક હોયપ, ન કોઈ વિચાર હોય, ન કોઈ દિશા હોય, ન કોઈ લ૧ય હોય, તો શું એનાથી મનુષ્યની શ્રદ્ધામાં કોઈ ઉણપ નહિ આવે ? ફકત ભૂતકાળને વળગી રહેવા માટે કેટલાયે માણસો કેટલાયે રૂપિયાનો નકામો ખર્ચ કરી નાખે છે અને એ પૈસો કોણ જાણે કેટલીયે વિકૃતિઓ પેદા કરે છે તે કોઈથી છૂપું નથી રહ્યું. જે કોઈ માણસ હરામની કમાણી ખાશે તેનું આચરણ સારું રહી શકશે નહિ. તે સમાજ માટે ઉપયોગી વ્યકિત રહી શકશે નહિ.

સાથીઓ, આપણા દેશની સાંસ્કૃતિક, સામાજિક સેવા અને નૈતિક ઉત્કષ માટે ધનની ઘણી જરૂર છે. ધનના અભાવે ઘણી બધી સંસ્થાઓ અને પ્રવૃતિઓ બંધ પડી જાય છે. પૈસો એવા લોકોને આપવામાં આવે છે, જેમને ખબર નથી કે તેનો શું ઉપયોગ કરવામાં આવે ! ાઆ ધર્મભીરુ જનતાને તો શું કહેવું ? તેમની ધર્મભીરુતાને કેવી રીતે ધિક્કારવી ? આટલું સમર્થ ધર્મતંત્ર, જેની પાછળ છપ્પન લાખ લોકો કામ કરે છે. આટલાં બધાં મંદિરો, મઠો, તીર્થો અને કર્મકાંડ શ્રાદ્ધ ,તર્પણ વગરે કરવામાં છપ્પન કરોડ રૂપિયા ખર્ચાઈ જતા હશે તેમાં જરાય આશ્ચર્યની વાત નથી. આટલી મોટી રકમ એક સરકારનું બજેટ બનાવવા માટે પૂરતી છે. આટલી મોટી ધનની શકિત ભાવનાઓની શકિત, આટલી બધી જનશકિત આજે વેરવિખેર પડી છે અને ખોટી દિશા પ્રવાહિત થઈ રહી છે. આજે જરૂર એ વાતની છે કે નવી પેઢીના સમજદાર તથા વિવેકશીલ લોકો ધર્મના આ અપવ્યયને તથા દુરુપયોગને અટકાવે એવું હું ઈચ્છું છું.

# ઋષિ ચિંતનના સાંનિધ્યમાં

મિત્રો, ધર્મની ભાવનાનો બહુ દુરુપયોગ થઈ રહ્યો છે. તેને એવી દિશામાં વાળવામાં આવે, જેનાથી વ્યકિતનું શ્રેષ્ઠ રીતે ઘડત થઈ શકે, મનુષ્યની વિચારણા તથા ભાવનાનું શુદ્ધીકરણ થાય અને સમાજને સારા રસ્તે ચાલવા માટે પ્રકાશ મળે. આ માટે સમજદાર તથા વિવેકશીલ લોકોએ આગળ આવવું જ જોઈએ. જે રીતે રાજકારણમાં ધક્કામુકી કરીને લોકો આગળ વધી જાય છે તેમાં તેમનો સત્તા કે પદનો લોભ હોતો હશે, પરંતુ સેવાનું જે સ્તર આપણા ધર્મક્ષેત્રમાં છે તે બીજા કોઈ ક્ષેત્રમાં નથી. આથી હું એ બધા લોકોને આહ્વાન કરવા માગું છું, જેમની અંદર દેશભકિત અને વિશ્વમાનવની પીડા રહેલી છે, જેઓ સમાજનું ભલું કરવા માગે છે, જેઓ લોકકલ્યાણ માટે કંઈક કરવા માગે છે. તેમણે ધર્મના વિકૃત સ્વરૂપમાં સુધારો કરવા માટે, ધાર્મિક ભાવનાઓ અને જનશકિતને યોગ્ય દિશાધારા આપવા માટે સાહસ કરીને આગળ આવવું જ જોઈએ. જો આમ નહિ કરવામાં આવે તો રાષ્ટ્ર અને વિશ્વની પ્રગતિ માટે એક મોટી ખોટ સાલશે. આટલી મોટી મૂડી, જનશકિત અને ભાવના શકિતનો દુરુપયોગ થતો જ રહેશે. તેમાં પરિવર્તન કરવું એ હવે રાષ્ટ્રની મહત્વપૂર્ણ આવશ્યકતા છે.

## જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતી આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્દબુદ્ધી સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિ:શુલ્ક મંગાવો.

પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩

ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફેકસ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦

**E-Mail : yugnirman@awgp.org.**